અંતર આત્માના અવાજને અનુસરવાથી મનને શાંતિ મળે છે
- સ્વામી અનુભવાનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૦૪ | ૨૩ જૂન ૨૦૧૨, શનિવાર, અષાઢ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ગાંધીનગર તાલુકા પંચાયતની બેઠક તોફાની બનશે

## ૩૦મીએ યોજાનાર બેઠકમાં ૧૩મા નાણાંપંચની ગ્રાન્ટની ફાળવણી, કારોબારીની રચના સહિતના મુદ્દે સભ્યોમાં પ્રવર્તતી તીવ્ર નારાજગી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર તાલુકા પંચાયતની આગામી ૩૦મીના રોજ મળનારી સામાન્ય સભાની બેઠક તોફાની બેઠક બનશે તેવા સ્પષ્ટ રાજકીય સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર તાલુકામાં ૧૩મા નાણાંપંચના બીજા હપ્તાની રકમમાંથી કામોના આયોજનને લઈ સભ્યોને વિશ્વાસમાં લેવામાં ન આવતાં સભ્યોએ ખાસ સામાન્ય સભાની બેઠક બોલાવવા માટેની માંગણી તંત્ર સમક્ષ કરી હતી પરંતુ સામાન્ય સભાની તારીખ મંજૂર થઈ ગઈ હોવાથી ખાસ સામાન્ય સભાની માંગ પર પાણી રેડી દેવાયું હતું. સભ્યોએ ૧૩મા નાણાં પંચના કામોના આયોજનમાં થયેલા અન્યાય અંગે સામુહિક લડત આપવાનો નિર્ણય કર્યો છે જેમાં ભાજપ અને કોંગ્રેસ એમ બંને પક્ષમાંથી વિરોધનો સૂર ઉઠયો હોઈ આ બેઠક તોફાની બનશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

બીજી તરફ ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિની મુદત પણ ૫-૭-૨૦૧૨ના રોજ પુરી થઈ રહી છે પરંતુ આ બાબત એજન્ડામાં દર્શાવવામાં આવી ન હોવાથી પણ સભ્યોનો ગુસ્સો સાતમા આસમાને છે.

આગામી જાન્યુઆરી માસમાં આ તાલુકા પંચાયતની મુદત પૂરી થઈ રહી છે અને કોંગ્રેસ પક્ષ એક સભ્યની બહુમતિ ધરાવે છે પરંતુ પ્રમુખપદ ભાજપની પાસે છે. કારોબારી સમિતિની રચના પ્રમુખસ્થાનેથી લાવવાની હિલચાલ થઈ રહી છે એટલે આવી મહત્વની કમિટીની રચનાનો મુદ્દો પ્રમુખસ્થાનેથી આવી શકે કે કેમ? તેને લઈ કેટલાક સભ્યોએ કાનૂની રાહ અપનાવવા માટે કાયદા વિદ્દો સાથે પરામર્શ પણ હાથ ધર્યો હોવાનું જાણવા મળેલ છે. કારોબારી સમિતિ કોંગ્રેસ પાસેથી પાછલા બારણે આંચકી લેવાની વ્યુહરચના ભાજપે અપનાવી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર મેડિકલ કોલેજને વિધિવત મંજૂરી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મેડીકલ કોલેજને ૧૫૦ બેઠકો અંગેની વિધિવત્ મંજૂરી આજે પત્ર દ્વારા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ આપી દીધી છે. એક વર્ષ માટેની કામચલાઉ મંજૂરી આપવામાં આવી હોવાનો ઉલ્લેખ આ પત્રમાં કરવામાં આવ્યો છે. આ મેડીકલ કોલેજનું શૈક્ષણિક સત્ર હવે ટુંકમાં શરૂ થશે.

મેડીકલ કોલેજને વિધિવત્ મંજૂરી મળી જતાં જ કોલેજ સત્તાવાળાઓએ આજે સેન્ટ્રલ એડમિશન કમિટીને આની જાણ કરી અને વિદ્યાર્થીઓ ફાળવવા માટે જણાવવાની તેમજ આ કોલેજ માટે પ્રવેશ ફી અને શિક્ષણ ફી નિયત કરવા માટે ફી નિર્ધારણ સમિતિને જાણ કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

કોલેજના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ અંદાજે રૂ. ૩ લાખ જેટલી સુચિત ફી ની દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહી છે. અન્ય મેડિકલ કોલેજોની સરખામણીમાં ફી નું ધોરણ જળવાઈ રહે તે રીતે આખી દરખાસ્ત તૈયાર કરી સોમવાર અથવા મંગળવારે દરખાસ્ત મોકલી આપવામાં આવશે. આ ઉપરાંત આ કોલેજમાં કેટલી બેઠકો એન.આર.આઈ. વિદ્યાર્થીઓ માટે અનામત રાખવી તે અંગે સરકાર સાથે પરામર્શ કરી નિર્ણય કરવામાં આવશે.

**મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ એક વર્ષ માટે ૧૫૦ બેઠકો માટે કામચલાઉ મંજૂરી આપતો પત્ર મળ્યો**

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ ૧૫૦ બેઠકો મંજૂર કરી છે અને મળતા નિર્દેષો મુજબ ૨૫ જેટલી બેઠકો એન.આર.આઈ. માટે અનામત રાખવામાં આવશે. મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા આ કોલેજમાં દર વર્ષે ક્રમિક વર્ષની મંજૂરી આપવામાં આવશે. હાલ કામચલાઉ મંજૂરી એક વર્ષની આપવામાં આવી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજનું સંચાલન મેડિકલ રિસર્ચ સોસાયટી દ્વારા કરવામાં આવશે. ગાંધીનગરની આ મેડીકલ કોલેજ માટે કાઉન્સીલની ટીમે એપ્રિલ-મે માં ઈન્સ્પેકશન કર્યુ હતું અને થોડા સમય અગાઉ ઈરાદાપત્ર આપવામાં આવ્યો હતો. જેમાં કોલેજ સંચાલન માટે જરૂરી રૂ. સાડા નવ કરોડની ડિપોઝીટ જમા કરાવવાની હતી. આ બધી જ પ્રક્રિયાઓ પૂર્ણ થતાં હવે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ આજે આ અંગેની મંજૂરીની વિધિવત્ પત્ર લખી કોલેજના ડીન શ્રી વ્યાસને જાણ કરી છે.

આમ ઓગષ્ટ-૨૦૧૨-૧૩ થી કોલેજનું શૈક્ષણિક સત્ર આરંભ થઈ જશે. ગાંધીનગર જિલ્લામાં હાલ બે ડેન્ટલ કોલેજ તેમજ એક નર્સિંગ કોલેજ કાર્યરત છે હવે મેડીકલ કોલેજ પણ કાર્યરત થશે.

ગાંધીનગર મેડીકલ કોલેજ આમ તો ૨૦૧૧માં શરૂ કરવાનું આયોજન હતું પરંતુ બાંધકામ અપૂર્ણ અને પુરતી સુવિધાઓને અભાવે મેડીકલ કાઉન્સીલે માંગણી ફગાવી દીધી હતી. આ પછી પુનઃ મંજૂરી માટે અરજી કરવામાં આવી હતી અને હવે મંજૂરી મેળવવાની પ્રક્રિયા પૂર્ણ થતાં આ શૈક્ષણિક સત્રથી શૈક્ષણિક કામગીરી શરૂ થઈ જશે.

ગાંધીનગર મેડીકલ કોલેજ

● અનુસંધાન પાન-૭ પર



ગુજરાતના દરિયાકાંઠે ચોમાસું આવવાના સમાચારો આવી ગયા છે અને વરસાદે ગાંધીનગરમાં દેખા પણ દીધી છે, પરંતુ તેમ છતાં વિધિવત ચોમાસાનો પ્રારંભ હજુ થયો નથી. પવનથી માંડીને વાદળો ઘેરાવા સુધીનાં ચોમાસાનાં બધાં જ લક્ષણો દેખા દે છે પણ વરસાદ હમણાંથી દેખા દેતો નથી તેથી વાવણી કરીને બેઠેલા ખેડૂતોની ચિંતા વધી છે. **(તસવીર : દિપક જાની)**





ગાંધીનગર હવે ભણવા માટે કાશી તરીકે ઓળખાશે તેમ કહેવાયું... પણ કાશીનું તો મરણ પણ પ્રખ્યાતછે...

# ગુજરાતના ૧૮ આઈપીએસ કે જેમણે હજી સુધી મિલકતો જાહેર કરી નથી

ગાંધીનગર, તા.૨૨

ભારત સરકારે તેના સનદી અને પોલીસની સેવાના અધિકારીઓમાં ટ્રાન્સફરન્સી આવે તે માટે દર વર્ષે તેમની મિલકતો જાહેર કરવાની બાબતાનો ફરજીયાત બનાવી છે છતાં કેટલાક અધિકારીઓ તેમની મિલકતો સમયસર જાહેર કરી શકતા નથી તેથી તેમને રિમાઈન્ડ કરવામાં આવતા હોય છે.

ઈન્ડિયન પોલીસ સર્વિસના એવાં ૬૭૭ ઓફિસરો છે કે જેમને ભારત સરકારે એવી યાદીમાં સમાવ્યા છે કે જેઓ તેમની મિલકતો જાહેર કરી શક્યા નથી.

૨૦૧૧માં એન્યુઅલ ઈમમુવેબલ પ્રોપર્ટી રિટર્ન ભરી શક્યા નથી તેવા આ ઓફિસરોને વોર્નિંગ આપવામાં આવી છે. પોલીસ સેવામાં કુલ ૩૩૯૩ ઓફિસરો છે જે પૈકી આ સંખ્યા વન ફિફથ થવા જાય છે. કેન્દ્ર સરકારે જાહેર કર્યુ છે કે આ ઓફિસરો તેમની પ્રોપર્ટી જાહેર નહીં કરે ત્યાં સુધી તેમના પ્રમોશન અને એમ્પેનલમેન્ટ થઈ શકશે નહીં.

**દેશના ૩૩૯૩ પૈકી ૬૭૭ ઓફિસરોની પ્રોપર્ટી અંગે કેન્દ્ર સરકારે રાજ્યોના ગૃહ વિભાગોને કડક પત્ર લખી ચેતવણી પણ આપી**

સૌથી વધુ ૨૦૦ ઓફિસરો ઉત્તર પ્રદેશના છે. બીજાક્રમે ૭૯ સાથે કર્ણાટક, ત્રીજાક્રમે ૩૧ ઓફિસરો સાથે ઝારખંડ રાજય આવે છે. આંધ્રપ્રદેશના ૨૭ અને મહારાષ્ટ્ર અને પંજાબના ૨૩-૨૩ ઓફિસરોએ મિલકતો જાહેર કરી નથી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના પોલીસ બેડામાં સાગમટે બદલીના હુકમો કરાયા

## નવ પો.સ.ઈ. અને બસ્સો ચાલીસથી વધુ કર્મચારીઓની આંતરિક બદલી કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના પોલીસ બેડામાં આજે ૨૪૬ જેટલા પોલીસ કર્મચારીઓ તથા ૯ પો.સ.ઈ. કક્ષાના અધિકારીઓની બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૬૦ જેટલા તાલિમ પામી આવેલા કોન્સ્ટેબલોની નિમણુંક આપતા હુકમોની સાથે ૧૮૬ જેટલા પોલીસના કર્મચારીઓની પણ આંતરિક બદલીના હુકમો કરવામાં આવ્યા છે. બસ્સોથી વધુ પોલીસ કર્મચારીઓની બદલીના હુકમો થતાં તંત્રમાં એકદમ સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

જે નવ પો.સ.ઈ. કક્ષાના અધિકારીઓની બદલી કરવામાં આવી છે તે આ પ્રમાણે છે.

| નામ | હાલની જગ્યા | નવી જગ્યા |
|---|---|---|
| ઓ.એમ. દેસાઈ | પેથાપુર | રખિયાલ |
| સી.એમ. કુંભાણી | એલ.સી.બી. | પેથાપુર |
| એમ.આર. પુવાર | રખિયાલ | ગાંધીનગર મ.પો. સ્ટેશન |
| એમ.એસ. કોટવાલ | રખિયાલ | ચિલોડા |
| એન.એચ. સોલંકી | સે. ૨૧ | કલોલ તાલુકા પો. સ્ટેશન |
| એલ.એસ. પુરાણી | કલોલ સીટી | માણસા |
| એફ.એસ. મલેક | માણસા | ચિલોડા |
| વી.આર. ચૌહાણ | દહેગામ | સે. ૭ |
| બી.સી. વાઘેલા | અડાલજ | સે. ૭ |

# રાષ્ટ્રપતિના ઉમેદવારને ગુજરાતમાંથી ૫૨૯૫૦ મતો મળશે

ગાંધીનગર, તા.૨૨

ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ગુજરાતના મતોનો ફાળો ૪.૮૧ ટકા છે. ગુજરાતમાં કુલ મતોની સંખ્યા ૫૨૯૫૦ થવા જાય છે, જ્યારે આખા દેશમાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ૧૦,૯૮,૮૮૨ મતની ગણના થતી હોય છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૯મી જુલાઈના રોજ યોજવામાં આવી છે ત્યારે ગુજરાત સરકારે આ હેતુસર વિધાનસભાનું બે દિવસનું સત્ર બોલાવ્યું છે જેમાં ગુજરાતના ધારાસભ્યોના મતોની ગણના થશે.

ગુજરાતના ૧૮૨ ધારાસભ્યો છે તેમના મતનું મૂલ્ય ૨૬૭૫૪ થવા જાય છે. પ્રત્યેક ધારાસભ્યના ૧૪૭ મતો ગણાય છે, જ્યારે લોકસભાના ૨૬ સંસદસભ્યોના મતોનું મૂલ્ય ૧૮૪૦૮ છે. એ ઉપરાંત રાજ્યસભાના ૧૧ સંસદસભ્યોના મતોનું મૂલ્ય ૭૭૮૮ આંકવામાં આવે છે.

**રાષ્ટ્રીય ભાજપમાં રાજ્યનો ફાળો ૧૫.૨૧ ટકા અને કોંગ્રેસનો ફાળો માત્ર ૫.૫૦ મતોનો રહેશે, ૧૯૭૧ની વસતીને આધાર ગણાયો છે**

ગુજરાતની વસતી ૧૯૭૧માં ૨.૬૬ કરોડ હતી અને વોટનું ગણિત તે સમયે ફીક્સ કરવામાં આવ્યું હતું. રાજ્યમાં ભાજપના ધારાસભ્યોની સંખ્યા ૧૨૧ છે અને તેની પાસે કુલ ૨૩ સંસદસભ્યો છે. એટલે કે ભાજપને ધારાસભ્યોના ૧૭૭૮૯ અને સંસદસભ્યોના ૧૬૨૮૪ મળીને કુલ ૩૪૦૭૧ મતો મળશે. રાષ્ટ્રીય ભાજપ પાસે કુલ ૨૨૩૮૮૫ મતો છે જેમાં ગુજરાતના મતોની ટકાવારી ૧૫.૨૧ ટકા ગણી શકાય.

કોંગ્રેસ પાસે ગુજરાતમાં ૫૬ ધારાસભ્યો છે અને તેમના મતોનું મૂલ્ય ૯૯૧૨ થવા જાય છે જ્યારે ૧૪ સંસદસભ્યોના ૮૨૩૨ મતોનું મૂલ્ય ઉમેરી શકાય છે. એટલે કે કોંગ્રેસના પલ્લામાં તેના ઉમેદવાર પ્રણવ મુકરજીને કુલ ૧૮૧૪૪ મતો મળી શકે તેમ છે. કોંગ્રેસને દેશભરમાં ૩૩૦૪૦૫ મતો મળશે જેના માત્ર ૫.૫૦ ટકા મતો ગુજરાતમાં છે.

એનસીપીના બે, જેડી-યુના એક અને એક અપક્ષ ધારાસભ્યના મતોનું મૂલ્ય ૭૩૫ થવા જાય છે. આમ કુલ ગુજરાતની વોટીંગ સ્ટ્રેન્થ ૫૨૯૫૦ થવા જાય છે.

**TVના રીમોટ મળશે**

આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

**જિલ્લામાં ૭૮ કાઉન્ટર્સ, બિલ્ડર્સ અને એન્જિનિયરનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ**

દેશ કી શાન
કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક સિમેન્ટ
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ
Steel Tiger
(લોદરા વાળા)
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦

ગોડાઉન
સ્ટીલ સ્ટેશન
ખ-૨ ચોકડી
સેક્ટર-૪સી કોર્નર